|| શ્રી ચિંતામણિ-શંખેશ્વર-આશાપૂરણ પાર્શ્વનાથાય નમઃ ||

પુસ્તક ૪૩

# અહો ! શ્રુતજ્ઞાનમ્

સંકલન
શાહ બાબુલાલ સરેમલ
*બેડાવાળા*

સં-૨૦૭૪, અષાઢ સુદ - ૫

જિનશાસનના અણગાર, શાસનના શણગાર, સંયમી, વિદ્વાન જ્ઞાની ગુરૂભગવંતોના ચરણોમાં ચરણસેવક શાહ બાબુલાલ સરેમલ બેડાવાળાના કોટિ કોટિ વંદન...

જિનાજ્ઞા સમારાધક પંડિતવર્યશ્રી / શ્રુતભક્ત શ્રાવક આદિને પ્રણામ.

દેવગુરૂની અસીમકૃપાને લીધે નવ વર્ષથી ચાર્તુમાસિક માસિકના ૪૨ અંકો દ્વારા શ્રુતજ્ઞાનનો અનેકવિધ માહિતીનો રસથાળ પીરસવામાં આવ્યો છે.જે ગુરુભગવંતો, વિદ્વાનો અને જ્ઞાનભંડારના સંચાલકોને ખૂબ જ ઉપયોગી બની રહ્યો છે. ચાર્તુમાસનો પ્રારંભ થઇ રહ્યો છે. અને ઘણા બધા ગુરુભગવંતોનો પ્રવેશ પણ ધામધૂમ પૂર્વક ઉત્સાહ ઉલ્લાસ પૂર્વક થઇ રહ્યો છે. શ્રી સંઘમાં આરાધના કરાવવા માટે તથા સાધુ આચારને અનુલક્ષીને ગુરુદેવો ચાર માસ સ્થિરતા કરતા હોય છે. શેષકાળમાં વિહાર આદિ કાર્યને લીધે નૂતન દિક્ષિત અને મુમુક્ષુઓને સ્વાધ્યાય-અભ્યાસ ક્યારેક નિયમિત થતો નથી. પરંતુ ચાર્તુમાસમાં એક જ જગ્યાએ સ્થિરતા હોવાથી અભ્યાસ-સ્વાધ્યાય-સંશોધન-સંપાદન કાર્ય ખૂબ જ સરળતાથી અને સચોટ રીતે થઇ શકે છે. જેના લીધે ચાર્તુમાસ દરમ્યાન દરેક ગુરુભગવંતોને પોતાના અભ્યાસ માટે આગમ પ્રકરણ, ન્યાય, વ્યાકરણ તેમજ ચરિત્ર ગ્રંથોની જરૂર પડતી હોય છે ત્યારે સંઘમાં જો જ્ઞાનભંડાર હોય તો ત્યાંથી અને નહીંતર બહારથી પણ પુસ્તક-પ્રત વગેરે મંગાવવાની વ્યવસ્થા જે તે સંઘના ટ્રસ્ટીઓ-કાર્યકરોએ કરવાની નૈતિક ફરજ છે.

શ્રી સંઘમાં જો જ્ઞાનભંડાર હોય તો તેને વ્યવસથિત કરવા માટેનો પ્રોજેક્ટ ચાર્તુમાસ દરમ્યાન લઇ શકાય અને જે પણ ગુરુભગવંતો પધાર્યા હોય તેમના માર્ગદર્શન, સલાહ મુજબ Up to Date કરવો જોઇએ. ચાર્તુમાસમાં શ્રી સંઘના કર્તવ્ય મુજબ જે પણ કાર્ય કરવાના હોય તેમાં સંઘના જ્ઞાનભંડારને વ્યવસ્થિત કેટલોગ બનાવીને પુંઠા વગેરે જરૂર મુજબ બદલાવીને જ્ઞાનભંડારને ઉપયોગી બનાવવું તે પણ જરૂરી કર્તવ્ય છે. આપણા સંઘોના જ્ઞાનભંડારમાં જ્ઞાનખાતામાંથી છપાયેલ ભેટ આવેલા પુસ્તકો ઘણા બધા હોય છે. પરંતુ અભ્યાસ ઉપયોગી કર્મગ્રંથ, સંસ્કૃત બુક, વ્યાકરણ અને શબ્દકોષનો ઘણો અભાવ હોય છે. તેથી પધારેલ ગુરુભગવંતોને પોતાના જ્ઞાનભંડારમાંની યાદી બતાવીને તેઓ સાથે ચર્ચા વિચારણા કરીને જરૂરી ખૂટતા પુસ્તકો તુરત જ ખરીદીને કે ભેટ ગમે તે રીતે વસાવવા જોઇએ. ગુરુની હાજરીમાં માર્ગદર્શનની તકનો સુવર્ણ ઉપયોગ કરીને તેમના જ્ઞાનના ઉચિત ઉપયોગ દ્વારા જ્ઞાનભંડાર સમૃદ્ધ બનાવવો જોઇએ. સમૃદ્ધ અને વ્યવસ્થિત જ્ઞાનભંડાર એ દરેક સંઘનું ગૌરવ છે. અને જ્ઞાનભંડારને અદ્યતન બનાવીને જ્ઞાનદાન પણ વૈયાવચ્ચ ભક્તિનો પ્રકાર છે. આપણે જ આમંત્રણ વિનંતી કરીને બોલાવેલા ગુરુભગવંતોને તેમના મુખ્ય કાર્ય એવા સ્વાધ્યાય-અભ્યાસ માટે પુસ્તકો સમયસર ઝડપથી ન આપી શકાય તે વિચારવા યોગ્ય છે. અનુસંધાન પાન નં...૭ ઉપર

" दासोऽहं सर्व साधूनाम् "

લી. જિનશાસનચરણસેવક બાબુલાલ સરેમલ

# સંવત ૨૦૭૪ દરમ્યાન નૂતન પ્રકાશિત ગ્રંથો

| ક્રમ | પુસ્તકનુ નામ | કર્તા-સંપાદક | ભાષા | પ્રકાશક |
|---|---|---|---|---|
| ૧ | સંવેગ સુધા | આ.હેમચંદ્રસૂરિજી | સં./ગુજ | જિનશાસન આરાધના ટ્રસ્ટ |
| ૨ | બત્રીશીના સથવારે, કલ્યાણ પગથારે - ૯ | આ.અભયશેખરસૂરિજી | ગુજ. | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| 3 | ચૈત્યવંદન ચોવીસી અને પ્રશ્નોત્તર રત્ન ચિંતામણી | ------------------- | ગુજ. | જૈન આત્માનંદ સભા |
| ૪ | અચલગચ્છીય ઐતિહાસિક રાસ સંગ્રહ | શ્રી પાર્શ્વ | ગુજ. | સર્વોદયસાગરજી |
| ૫ | ધ્યાન આંતર યાત્રા | આ.યશોવિજયસૂરિજી | ગુજ. | શ્રી ઓમકારસૂરિજી આરા.ભવન |
| ૬ | પ્રવચનના અંશ (ષોડશક) | આ.ચંદ્રગુપ્તસૂરિજી | ગુજ. | અનેકાંત પ્રકાશન |
| ૭ | અંશ પ્રવચનના(યોગવિંશિકા) | આ.ચંદ્રગુપ્તસૂરિજી | ગુજ. | અનેકાંત પ્રકાશન |
| ૮ | નમામિ ગચ્છનાયકમ્ | આ.મહોબોધિસૂરિજી | ગુજ. | જિનકૃપા પ્રકાશન |
| ૯ | અંતરાયકર્મ નિવારણ પૂજા | પૂ.ધર્મરત્નવિજયજી | ગુજ. | માનવ કલ્યાણ ટ્રસ્ટ |
| ૧૦ | જિનેન્દ્ર પૂજા સંગ્રહ | આ.જયંતસેનસૂરિજી | ગુજ. | રાજ રાજેન્દ્ર પ્રકાશન |
| ૧૧ | જિન ભક્તિ પયોધિ | આ.જયંતસેનસૂરિજી | ગુજ. | રાજ રાજેન્દ્ર પ્રકાશન |
| ૧૨ | સંમૂર્ચ્છિમ મનુષ્ય આગમિક સત્ય | આ.યશોવિજયસૂરિજી | ગુજ. | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૧૩ | ઇસાઇ મત સમીક્ષા | પૂ.સંયમકિર્તિવિજયજી | હિ./ગુજ. | શ્રી પાર્શ્વ અભ્યુદય પ્રકાશન |
| ૧૪ | જૈન તત્વાદર્શ -૧,૨,૩ | પૂ.સંયમકિર્તિવિજયજી | હિ./ગુજ. | શ્રી પાર્શ્વ અભ્યુદય પ્રકાશન |
| ૧૫ | જૈન ધર્મ વિષયક પ્રશ્નોત્તર | પૂ.સંયમકિર્તિવિજયજી | હિ./ગુજ. | શ્રી પાર્શ્વ અભ્યુદય પ્રકાશન |
| ૧૬ | નીરવ કા રવ | આ.રામલાલજી | હિ. | સાધુમાર્ગી પબ્લીકેશન |
| ૧૭ | નવપદ વંદના | આ.રત્નસંચયસૂરિજી | હિ. | રંજનવિજયજી પુસ્તકાલય |
| ૧૮ | ભવ આલોચના | આ.રત્નસંચયસૂરિજી | હિ. | રંજનવિજયજી પુસ્તકાલય |
| ૧૯ | શ્રીમદ ઉત્તરાધ્યયન શ્રવણોત્સવ | આ.કીર્તિયશસૂરિજી | હિ. | સન્માર્ગ પ્રકાશન |
| ૨૦ | અષ્ટાનિકા ધુરાખ્યાનમ્ | સા.જિનરત્નાશ્રીજી | સં/હિ | શ્રુતભવન સંશોધન કેન્દ્ર |
| ૨૧ | આત્મશુધ્ધિ પ્રકાશ | પૂ.વૈરાગ્યરતિવિજયજી | સં/હિ | શ્રુતભવન સંશોધન કેન્દ્ર |
| ૨૨ | લક્ષ્મણ સંગ્રહ | પૂ.વૈરાગ્યરતિવિજયજી | સં/હિ | શ્રુતભવન સંશોધન કેન્દ્ર |
| ૨૩ | ધર્મ બિન્દુ | પૂ.વૈરાગ્યરતિવિજયજી | સં | શ્રુતભવન સંશોધન કેન્દ્ર |
| ૨૪ | મન્ડલ વિચાર પ્રકરણમ્ | પૂ.વૈરાગ્યરતિવિજયજી | પ્રા/સં | શ્રુતભવન સંશોધન કેન્દ્ર |
| ૨૫ | સ્તોત્ર સંગ્રહ | પૂ.વૈરાગ્યરતિવિજયજી | સં | શ્રુતભવન સંશોધન કેન્દ્ર |
| ૨૬ | મારો પ્રિય શ્લોક | પૂ.વૈરાગ્યરતિવિજયજી | સં/ગુજ. | શ્રુતભવન સંશોધન કેન્દ્ર |
| ૨૭ | સદ્ગુરુ શરણં મમઃ | સી.આર.વિજય | સં. | નવભારત સાહિત્ય મંદિર |
| ૨૮ | પ્રેમસૌભાગ્ય કાવ્યમ્ | પં.દિવ્યદર્શનવિજયજી | સં. | પં.ચંપકભાઇ પી.મહેતા |
| ૨૯ | મણિવઇ ચરિયં | સા.જિનયશાશ્રીજી | પ્રા/સં. | ઓમકારસૂરિ જ્ઞાનશાળા |
| 30 | અજિતપ્રભુ ચરિતમ્ | સા.વિનયપૂર્ણાશ્રીજી | પ્રા. | ઓમકારસૂરિ જ્ઞાનશાળા |
| 3૧ | વિનોદ વિલાસ રાસ | સા.મહાયસાશ્રીજી | ગુજ | ઓમકારસૂરિ જ્ઞાનશાળા |
| 3૨ | સન્મતિ તર્ક પ્રકરણ-૧ | સા.વિરતીધરાશ્રીજી | સં/ગુજ. | ઓમકારસૂરિ જ્ઞાનશાળા |
| 33 | કલ્યાણ મંદિર સ્તોત્ર | પૂ.રત્નવલ્લભવિજયજી | સં/ગુજ. | કમલ પ્રકાશન |
| 3૪ | પાક્ષિક સૂત્ર સટીક | પૂ.હૃદયસુંદરવિજયજી | સં/ગુજ. | દિવ્યદર્શાન ટ્રસ્ટ |
| 3૫ | તત્ત્વાર્થ નિર્ણય પ્રસાદ-૧,૨,૩ | પૂ.સંયમકીર્તિવિજયજી | સં/ગુજ. | ----- |
| 3૬ | પ્રાકૃત પાઠાવલી | ડૉ.જિતેન્દ્ર બી.શાહ | પ્રા/હિ | ભોગીલાલ લહેરચંદ |
| 3૭ | યોગ દૃષ્ટિ સમુચ્ચય-૧,૨ | ભગવાનદાસ મહેતા | ગુજ. | શ્રી મહાવીર જૈન વિદ્યાલય |

# સંવત ૨૦૭૩ દરમ્યાન નૂતન પ્રકાશિત ગ્રંથો

| ક્રમ | પુસ્તકનુ નામ | કર્તા-સંપાદક | ભાષા | પ્રકાશક |
|---|---|---|---|---|
| ૩૮ | સંવત્સરી પ્રતિક્રમણ વિધી સહીત | ઇલા દિપક મહેતા | ગુજ | ઇલા દિપક મહેતા |
| ૩૯ | સંવત્સરી પ્રતિક્રમણ વિધી સહીત | ઇલા દિપક મહેતા | હિ. | ઇલા દિપક મહેતા |
| ૪૦ | સંવત્સરી પ્રતિક્રમણ વિધી સહીત | ઇલા દિપક મહેતા | અં. | ઇલા દિપક મહેતા |
| ૪૧ | બાલમુનિ અઇમુત્તા | પૂ.રત્નભાનુ વિજયજી | સં. | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૪૨ | બાલમુનિ અઇમુત્તા | પૂ.રત્નભાનુ વિજયજી | હિ. | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૪૩ | બાલમુનિ અઇમુત્તા | પૂ.રત્નભાનુ વિજયજી | ગુજ. | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૪૪ | આગમ સંક્ષિપ્ત પરિચય | પૂ.દીપરત્નસાગરજી | ગુજ. | શ્રુતદીપ પ્રકાશન |
| ૪૫ | આનંદઘન ચોવીશી | રતિલાલ દિપચંદ દેસાઇ | ગુજ. | શ્રી મહાવીર જૈન વિદ્યાલય |
| ૪૬ | ખુશી | રશ્મિબેન ત્રિવેદી | ગુજ. | ભદ્રંકર પ્રકાશન |
| ૪૭ | સંયમનું લાલિત્ય | આ.મુક્તિવલ્લભસૂરિજી | ગુજ. | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૪૮ | સંયમનું લાવણ્ય | આ.મુક્તિવલ્લભસૂરિજી | ગુજ. | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૪૯ | સંયમનું માંગલ્ય | આ.મુક્તિવલ્લભસૂરિજી | ગુજ. | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૫૦ | સેલ્ફી | આ.અજિતશેખરસૂરિજી | ગુજ. | અર્હમઆરાધક ટ્રસ્ટ |
| ૫૧ | શંખેશ્વર પાર્શ્વનાથ ભાવયાત્રા | આ.રત્નસંચયસૂરિજી | ગુજ. | રંજનવિજયજી પુસ્તકાલય |
| ૫૨ | દેવ વંદન | આ.સોમસુંદરસૂરિજી | ગુજ. | શ્રી સોમચિંતામણી પ્રકાશન |
| ૫૩ | દેશવિરતિ (શ્રાવકના વ્રતો) | આ.સોમસુંદરસૂરિજી | ગુજ. | શ્રી સોમચિંતામણી પ્રકાશન |
| ૫૪ | શ્રી વીશસ્થાનક આરાધના | આ.સોમસુંદરસૂરિજી | ગુજ. | શ્રી સોમચિંતામણી પ્રકાશન |
| ૫૫ | યોગધર્મનો અધિકારી | પૂ.સંયકીર્તિવિજયજી | ગુજ. | શ્રી સમ્યગ્ જ્ઞાન પ્રચારક સમિતિ |
| ૫૬ | નંદનવનના પુષ્પો | આ.રાજરત્નસૂરિજી | ગુજ. | ધર્મકૃપા ટ્રસ્ટ |
| ૫૭ | પરમને પ્રાર્થના | આ.રાજરત્નસૂરિજી | ગુજ. | ધર્મકૃપા ટ્રસ્ટ |
| ૫૮ | તિમિરથી તેજ | આ.રાજરત્નસૂરિજી | ગુજ. | ધર્મકૃપા ટ્રસ્ટ |
| ૫૯ | ગુરુ એવા મળ્યા | સી.આર.વિજય | ગુજ. | નવભારત સાહિત્ય મંદિર |
| ૬૦ | કનક સ્મરણ ૧૦૦ જન્મશતાબ્દિ | પં.રાજરત્નવિજયજી | ગુજ. | શ્રુતજ્ઞાન સંસ્કાર પીઠ |
| ૬૧ | પ્રશમરસ પયોનિધી (આ.જયકુંજસૂરિજી) | આ.પૂર્ણચંદ્રસૂરિજી | ગુજ. | શ્રી જયકુંજસૂરિ સ્મૃતિ ટ્રસ્ટ |
| ૬૨ | એડ્રેસ | પૂ.રત્નબોધિવિજયજી | ગુજ. | રામજીભાઇ વેલજીભાઇ |
| ૬૩ | સિગ્નલ | પૂ.રત્નબોધિવિજયજી | ગુજ. | રામજીભાઇ વેલજીભાઇ |
| ૬૪ | થેલી | પૂ.રત્નબોધિવિજયજી | ગુજ. | રામજીભાઇ વેલજીભાઇ |
| ૬૫ | દ્વાર | પૂ.રત્નબોધિવિજયજી | ગુજ. | રામજીભાઇ વેલજીભાઇ |
| ૬૬ | મંદિર | પૂ.રત્નબોધિવિજયજી | ગુજ. | રામજીભાઇ વેલજીભાઇ |
| ૬૭ | કેડી | પૂ.રત્નબોધિવિજયજી | ગુજ. | રામજીભાઇ વેલજીભાઇ |
| ૬૮ | સોપાન | પૂ.રત્નબોધિવિજયજી | ગુજ. | રામજીભાઇ વેલજીભાઇ |
| ૬૯ | સુગંધ | પૂ.રત્નબોધિવિજયજી | ગુજ. | રામજીભાઇ વેલજીભાઇ |
| ૭૦ | કલ્યાણ મહિમા | પૂ.રત્નબોધિવિજયજી | ગુજ. | રામજીભાઇ વેલજીભાઇ |
| ૭૧ | અંદર ઉતરિએ | પૂ.રત્નબોધિવિજયજી | ગુજ. | રામજીભાઇ વેલજીભાઇ |
| ૭૨ | ભાવના ભાવિએ | પૂ.રત્નબોધિવિજયજી | ગુજ. | રામજીભાઇ વેલજીભાઇ |
| ૭૩ | પાઠશાળાનું પાથેય | શા.અમૃતલાલ કસ્તુરચંદ | ગુજ. | હીરાબેન પુનમચંદ જૈન પાઠશાળા |

# સંવત ૨૦૭૪ દરમ્યાન નૂતન પ્રકાશિત ગ્રંથો

| ક્રમ | પુસ્તકનુ નામ | કર્તા-સંપાદક | ભાષા | પ્રકાશક |
|---|---|---|---|---|
| ૭૪ | જઇજીય કપ્પો (યતિજીત કલ્પ) | આ.કુલચંદ્રસૂરિજી | સં. | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૭૫ | સડ્ઢ જયજીય કપ્પો (શ્રાધ્ધજીત કલ્પ) | આ.કુલચંદ્રસૂરિજી | સં. | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૭૬ | નવ્યન્યાય પ્રવેશિકા | આ.રશ્મિરત્નસૂરિજી | ગુજ | જિનગુણ આરાધક ટ્રસ્ટ |
| ૭૭ | વિષવિલય | આ.રશ્મિરત્નસૂરિજી | સં. | રત્નત્રયી ટ્રસ્ટ |
| ૭૮ | જીવવિચાર પ્રકરણ ચતુષ્ટયમ્ | આ.કુલચંદ્રસૂરિજી | સં. | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૭૯ | કુમારપાલ કથા | આ.રત્નસુંદરસૂરિજી | સં. | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૮૦ | બૃહદ કલ્પસૂત્રમ્ ભાગ-૧ થી ૭ | આ.શીલચંદ્રસૂરિજી | સં. | હેમચંદ્રાચાર્ય શિક્ષણ નિધી |
| ૮૧ | બૃહદ કલ્પસૂત્રમ્ ભાગ-૧ થી ૭ | પૂ.પૂણ્યવિજયજી | સં. | શ્રી જૈન આત્માનંદ સભા |
| ૮૨ | પ્રશમરતિ પ્રકરણ (ટીકા વિવરણ અવચૂરિ) | પૂ.વૈરાગ્યરતિવિજયજી | સં. | શ્રી જિનશાસન આ.ટ્રસ્ટ |
| ૮૩ | જૈન મહાજન જ્ઞાનભંડાર | શ્રુતભવન-પુના | સૂચીપત્ર | કોડાય (કચ્છ) |
| ૮૪ | કુશલદીપ દેવ જ્ઞાનભંડાર | શ્રુતભવન-પુના | સૂચીપત્ર | નાની ખાખર (કચ્છ) |
| ૮૫ | છ કોટી સ્થાનકવાસી જ્ઞાનભંડાર | શ્રુતભવન-પુના | સૂચીપત્ર | માંડવી (કચ્છ) |
| ૮૬ | આ.વજપાલજી સ્વામી જ્ઞાનભંડાર | શ્રુતભવન-પુના | સૂચીપત્ર | પત્રી (કચ્છ) |
| ૮૭ | ધર્મ તીર્થ - ભાગ - ૪ | આ.યુગભુષણસૂરિજી | ગુજ. | ગીતાર્થ ગંગા |
| ૮૮ | શ્રાવક ધર્મ વિધિ પ્રકરણ | પ્રવીણચંદ્ર ખીમજી મોતા | સં/ગુજ. | ગીતાર્થ ગંગા |
| ૮૯ | ગુરુ તત્વ વિનિશ્ચય-ભાગ - ૪ | પ્રવીણચંદ્ર ખીમજી મોતા | સં/ગુજ. | ગીતાર્થ ગંગા |
| ૯૦ | ધર્મ સંગ્રહણી - ભાગ - ૧ | પ્રવીણચંદ્ર ખીમજી મોતા | સં/ગુજ. | ગીતાર્થ ગંગા |
| ૯૧ | રાગોપનિષદ્ | આ.તીર્થભદ્રસૂરિજી | ગુજ. | કનકસૂરિ પ્રાચીન ગ્રંથમાલા |
| ૯૨ | પ્રભુ પાર્શ્વનાથ ભાગ-૧,૨ | આ.અજિતશેખરસૂરિજી | ગુજ. | અર્હમ આરાધક ટ્રસ્ટ |
| ૯૩ | નવસ્મરણ તથા ગૌતમસ્વામી રાસ | આ.ઇન્દ્રસેનસૂરિજી | પ્રા/ગુજ. | શ્રી મેરૂપ્રભસૂરિજી સ્મારક ટ્રસ્ટ |
| ૯૪ | નેમિ ઉદય મેરૂ સ્વાધ્યાય ભા ૧ થી ૯ | આ.ઇન્દ્રસેનસૂરિજી | પ્રા/ગુજ. | શ્રી મેરૂપ્રભસૂરિજી સ્મારક ટ્રસ્ટ |
| ૯૫ | તત્વાર્થાધિગમસૂત્ર | જિતેન્દ્ર બી.શાહ | ગુજ. | શ્રુત રત્નાકર |
| ૯૬ | સંવેગનાદ | પૂ.રત્નપ્રજ્ઞાવિજયજી | સં/ગુજ. | રંજનવિજયજી પુસ્તકાલય |
| ૯૭ | આત્મનાદ | આ.રત્નસિંધુસૂરિજી | સં/ગુજ. | રંજનવિજયજી પુસ્તકાલય |
| ૯૮ | શ્રામણ્ય નાદ | આ.રત્નસિંધુસૂરિજી | સં/ગુજ. | રંજનવિજયજી પુસ્તકાલય |
| ૯૯ | વૈરાગ્ય નાદ | આ.રત્નસિંધુસૂરિજી | સં/ગુજ. | રંજનવિજયજી પુસ્તકાલય |
| ૧૦૦ | નિર્વેદનાદ | આ.રત્નસિંધુસૂરિજી | સં/ગુજ. | રંજનવિજયજી પુસ્તકાલય |
| ૧૦૧ | તત્ત્વનાદ | આ.રત્નસિંધુસૂરિજી | સં/ગુજ. | રંજનવિજયજી પુસ્તકાલય |
| ૧૦૨ | સૂત્ર રહસ્યમ્ | પૂ.ગુણહંસવિજયજી | સં/ગુજ. | કમલ પ્રકાશન ટ્રસ્ટ |
| ૧૦૩ | સિધ્ધહેમશબ્દાનુ અષ્ટમ્ અધ્યાય-૧,૨ | સા.ક્ષાયિકારસાશ્રીજી | સં./ગુજ | દીપચંદ વાઘજી રાઠોડ |
| ૧૦૪ | તત્વાર્થ સૂત્ર(વિવેચના) ભા-૧,૨ | ડૉ.નિર્મલા જૈન | સં./હિ. | આદિનાથ જૈન ટ્રસ્ટ |
| ૧૦૫ | સપ્તતિકાભિધાન-ષષ્ઠ કર્મગ્રંથ | આ.ચંદ્રગુપ્તસૂરિજી | સં. | અનેકાંત પ્રકાશન |
| ૧૦૬ | નહીં પાસે... નહીં દુર | પં.કલ્યાણકીર્તિવિજયજી | સં. | ભદ્રંકર શિક્ષણ ટ્રસ્ટ |
| ૧૦૭ | સમ્યક્ કલ્પસૂત્રમ્ | સા.સમ્યગદર્શનાશ્રીજી | હિ. | કુશલ જ્ઞાન પ્રકાશન |
| ૧૦૮ | વિવિધ હેમ રચના સમુચ્ચય | આ.હેમચંદ્રસૂરિજી | સં. | શ્રુતજ્ઞાન પ્રસારક સભા |

## સરસ્વતી પુત્રોને વંદના

(નિમ્નોક્ત ગ્રંથના સંશોધન-સંપાદનનું કાર્ય ચાલુ છે. ટૂંક સમયમાં પ્રકાશિત થશે.)

**પૂ.આ.શ્રી તીર્થભદ્રસૂરિજી મ.સા. (પૂ.આ.કલાપૂર્ણસૂરિજી સમુદાય)**

(૧) જંબૂસ્વામિ રાસ, લાવણી વગેરે કૃતિઓ

(૨) પ્રાચીન જૈન તીર્થ સ્તોત્રાદિ સંગ્રહ

**પૂ.આ.શ્રી રત્નાચલસૂરિજી મ.સા. (પૂ.આ.શ્રી રાજેન્દ્રસૂરિજી સમુદાય)**

(૧) ધન્ય શાલિભદ્ર મહાકાવ્ય - હસ્તપ્રત ઉપરથી સંશોધન - સંપાદન

(૨) કર્મ સ્તવ - ગોવિંદાચાર્ય ટીકા સંશોધન - સંપાદન

(૩) સિદ્ધહેમ મધ્યમવૃતિ - ભાગ - ૩ - સંશોધન - સંપાદન

**પૂ.આ.પૂર્ણકીર્તિસૂરિજી મ.સા. (પૂ.આ.શ્રી રામચંદ્રસૂરિજી સમુદાય)**

(૧) ઉપદેશસાર - ભાષાંતર

(૨) ઉપદેશ તરંગિણી - ભાષાંતર

**પૂ.પં.શ્રી વૈરાગ્યરતિવિજયજી મ.સા.ની પ્રેરણાથી શ્રુતભવન-પુના દ્વારા**

(૧) ઉપદેશ રત્નાકર

(૨) કારક પ્રકરણ સંગ્રહ અંતર્ગત ૧૩ કૃતિ

(૩) અઢાર પાપ સ્થાનક કૃતિ સંગ્રહ

(૪) કવિ રહસ્ય

(૫) શ્રેયાંસ જિન ચરિત્ર

(૬) લોક પ્રકાશ

**શ્રી જિનગુણ આરાધના ટ્રસ્ટ દ્વારા પૂ.આ.શ્રી ગુણરત્નસૂરિજી મ.સા.ની પ્રેરણાથી પૂ.ભવ્યરત્નવિજયજી મ.સા.ની દીક્ષાની ઉપજમાંથી પુનઃપ્રકાશિત પ્રાયઃઅપ્રાપ્ય ગ્રંથો**

| ક્રમ | પુસ્તકનુ નામ | કર્તા-સંપાદક | ભાષા | પૂર્વ પ્રકાશક |
|---|---|---|---|---|
| ૧ | લૌકિક ન્યાય શાસ્ત્રાર્થ કલા | રાજનારાયણ શાસ્ત્રી | સં. | જયકૃષ્ણદાસ ગુપ્તા |
| ૨ | સમરાઇચ્ચ કહા- ૧,૨,૩ | ડૉ.રમેશચંદ્ર જૈન | સં./હિં | ભારતીય જ્ઞાનપીઠ |
| ૩ | પરિશિષ્ટ પર્વ -૧,૨ | પૂ.તિલકવિજયજી | હિં | આત્મતિલક ગ્રંથ સોસા. |
| ૪ | વાદમાલા | આ.યશોવિજયસૂરિજી | સં./ગુજ | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૫ | ન્યાયાલોક | આ.યશોવિજયસૂરિજી | સં./ગુજ | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૬ | સંગ્રહણીરત્નમ્ | આ.યશોદેવસૂરિજી | સં./ગુજ | મુક્તિકમલ જૈન મોહનમાળા |
| ૭ | કર્મચન્દ્ર મન્ત્રી વંશાવલિ પ્રબંધ | પૂ.જિનવિજયજી | સં. | ભારતીય વિદ્યાભવન |
| ૮ | સૂરીશ્વર ઔર સમ્રાટ અકબર | શ્રી કૃષ્ણલાલ વર્મા | હિં. | ધર્મલક્ષ્મી જ્ઞાનમંદિર |
| ૯ | ભુવનભાનુ કેવલી ચરિત્ર | પૂ.ઇન્દ્રહંસ ગણિ | ગુજ. | જૈનધર્મ પ્રસારક સભા |
| ૧૦ | બપભટ્ટસૂરિ અને આમરાજા-૧,૨ | શ્રી મણિલાલ ન્યાલચંદ | ગુજ. | જૈન સસ્તી વાચનમાળા |
| ૧૧ | ત્રિભુવનસિંહકુમાર ચરિત્ર (ગદ્ય) | પૂ.આનંદવિજયજી | સં. | પૂ.જિતરત્નવિજયજી (સંપાદન) |
| ૧૨ | ધનદ ચરિત્ર (ગદ્ય) | આ.ભાવચંદ્રસૂરિજી | સં. | પૂ.જિતરત્નવિજયજી (સંપાદન) |
| ૧૩ | સંસ્કૃત પદ ચિત્રકોશ | | સં. | |
| ૧૪ | દ્રષ્ટાંત ચિત્રાવલી | | | |

## શ્રુતમંદિરમ્

લેખક : પ્રિયમ્

શ્રુત એ પ્રભુનો શબ્દદેહ છે. પૂ.હરિભદ્રસૂરિ મહારાજાના શબ્દોમાં કહીએ, તો શ્રુત એ વાસ્તવમાં સ્વયં પ્રભુ જ છે.

**अस्मिन् हृदयस्थे सति हृदयस्थस्तत्त्वतो मुनीन्द्रः ।**

જ્ઞાની પુરુષો જેને ભગવત્તુલ્ય કહે છે. તેનું સ્થાન આપણે કેટલું ગૌરવપ્રદ રાખવું જોઇએ ? કમ સે કમ આપણા આગમાદિ મુખ્ય ગ્રંથોને તો ભવ્ય ગૌરવપ્રદ સ્થાને પધરાવીને સકલ શ્રીસંઘ પ્રતિદિન તેના દર્શન-વંદનનો લાભ લઇ જિનવચન પ્રત્યે બહુમાન ભાવને ઉલ્લસિત કરવા દ્વારા **જ્ઞાનાવરણીય આદિ કર્મોની નિર્જરા** કરે અને **ઉત્કૃષ્ટ પુણ્યનું ઉપાર્જન** કરે, એવી વ્યવસ્થા દરેક સંઘમાં હોવી જોઇએ.

જેસલમેર વગેરે અનેક પ્રાચીનતમ સ્થાનોમાં જિનાલયમાં જ શ્રુતસંપત્તિ રાખવામાં આવતી હતી. અને **આજે પણ જેસલમેરમાં કિલ્લાના જિનાલયમાં પ્રાચીન જ્ઞાનભંડાર યથાવત્ છે. માંડલના જિનાલયમાં શ્રી વસ્તુપાળ મંત્રી દ્વારા લખાયેલ પ્રત દર્શનાર્થે પધરાવેલ છે, શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિ મહારાજે સરસવના દાણામાંથી ઘોડેસવાર ઉત્પન્ન કરવાની વિદ્યા એક જિનાલયના સ્થંભમાં રહેલ પુસ્તકમાંથી મેળવી હતી.** આજે પણ સુરત-અઠવાલાઇન્સ વગેરે સ્થાનોમાં જિનાલયમાં જ યોગ્ય સ્થાને ૪૫ આગમોને ભવ્ય રીતે પધરાવ્યા છે. જેમના દર્શન-વંદનનો લાભ પ્રતિદિન લઇને શ્રીસંઘ પાવન થઇ રહ્યો છે. દિગંબર પરંપરા **સમયસાર** વગેરે ગ્રંથોને આગમતુલ્ય માને છે, તો તેઓ તે ગ્રંથોને તેમના દેરાસરમાં જ સુંદર સ્થાને બહુમાન પૂર્વક પધરાવે છે. અને તેમના એવી રીતે દર્શનાદિ કરે છે. જાણે કે ભગવાન જ હોય. વૈદિકો **રામાયણ** કે **ગીતા** માટે આવું બહુમાન ધરવે છે. મુસ્લિમો દુકાનમાં બેઠા હોય તોય તેમના ટેબલમાં **કુરાન** રાખે છે. ફુરસદમાં વાંચે છે. નેપાળમાં લામાઓએ તેમનો ધર્મગ્રંથ " **મૂળનાયક** " જેવા દબદબા સાથે દિવસ રાત ચાલતી દીવાઓની રોશની સાથે પધરાવ્યો છે. એવો ઇતિહાસ મળે છે.

સંપ્રદાય કે પરંપરાનું ગૌરવ અને તેનું મૂળ સ્વરૂપ તેના શાસ્ત્ર બહુમાનને આભારી હોય છે, **જે પરંપરાને પોતાના મૂળભૂત ધર્મગ્રંથ પ્રત્યે ઉત્કૃષ્ટ બહુમાન આદર ન હોય તે પરંપરા યા તો નામશેષ થઇ જાય છે, યા તો તેના મૂળ સ્વરૂપને ગુમાવી બેસે છે.**

વિશ્વનો અજોડ શ્રુતવારસો આપણને મળ્યો છે. આપણને એની સાથે કેટલો સંબંધ ? ને કેવો સંબંધ ? વર્ષે એક વાર કલ્પસૂત્રની પૂજા ને વધામણા કરીને સંતોષ ? સાડા આઠ વાગે એની પૂજા ચાલુ થાય ત્યારે કેટલા જણની હાજરી હોય ? પરમ પાવન આગમ સૂત્રો તો નિશદિન પૂજ્ય છે. અરે, આપણે તો બહુમાન અને પૂજા થી પણ આગળ વધીને પૂજ્ય ગુરુ ભગવંતો પાસે એ સૂત્રોના રહસ્યો જાણવાના છે અને જીવનમાં ઉતારવાના છે. પણ એની પૂર્વભૂમિકા છે, ઉછળતો બહુમાન ભાવ...

આ બધો વિચાર કરતા એમ લાગે છે, કે **પ્રત્યેક સંઘમાં જિનાલય આદિ યોગ્ય સ્થાનમાં શ્રુતમંદિર હોવું જોઇએ.** જેનો સહજ રીતે સકળ શ્રી સંઘને લાભ મળે, નાનું સ્થાન હોય, વિશાળ જગ્યા ન હોય, તો પણ એક દિવાલમાં ૪ ફૂટ ઉંચે ગોખલા/શોકેસ દ્વારા આગમાદિ ગ્રંથોને સુંદર-દર્શનીય રીતે પધરાવી શકાય છે. આરસ/કાચ/લાકડા વગેરેની સામગ્રી, પ્રતોને અનુરૂપ ખાના, એક જ દૃષ્ટિએ દૃષ્ટિગોચર થતા ૪૫ આગમો આદિ પ્રાચીન ગ્રંથો, એક ગ્રંથના જ્ઞાનપૂજનની વ્યવસ્થા અને જ્ઞાનદ્રવ્યનો ભંડાર- આ રીતે સુંદર શ્રુતમંદિર બની શકે છે. જિનાલયમાં શ્રુતમંદિર રાખવા માટે શાસ્ત્રીય બાધ નથી, શ્રુતમંદિરનો લાભ શ્રાવકો લઇ શકે છે, અને શ્રીસંઘના જ્ઞાન દ્રવ્યમાંથી પણ તેનું સંપૂર્ણ નિર્માણ થઇ શકે છે. વિદ્યાર્થીઓ, જ્ઞાનપિપાસુઓ દર સુદ પાંચમના દિવસે આ શ્રુતમંદિર સમક્ષ જ્ઞાનની વિશિષ્ટ સાધના પણ કરી શકે છે. ભગવાનના દર્શન-પૂજન કરવા આવેલ દરેક વ્યક્તિ આ પરમપાવન શ્રુતસંપદાને ક્ષણ માટે પણ હાથ જોડીને માથું નમાવે, એ લાભ પણ નાનો સૂનો નથી જ.

શ્રાવકની શ્રુતસંવેદના તો એ સ્તરની હોવી જોઇએ કે પોતાના ઘરમાં ય પવિત્ર સ્થાને આવું શ્રુતમંદિર બનાવે, ત્રિકાળ દર્શનાદિ કરીને ગદ્ ગદ બને, ક્યારે આ બધુ જ્ઞાન મને આત્મસાત્ થાય, એવી ભાવના ભાવે... અને અપૂર્વ અપૂર્વ નિર્જરા કરે. એ સ્તર પણ ભવિષ્યમાં આવી શકાશે, જો પહેલા શરૂઆત કરીએ... **શ્રી સંઘથી**

**નોંધ : (૧) સ્વચ્છ ભારતના આજના સમયમાં સંયમધારી પૂજ્ય ગુરુભગવંતો અને પૌષધધારી શ્રાવકો માટે પંચમસમિતિના પાલન માટેનો વિચારણીય લેખ પૂજ્ય ગુરુભગવંતોના આશીર્વાદ અને માર્ગદર્શનથી તૈયાર કરેલ છે. જિનશાસનની હીલના ન થાય અને કોઇપણ વ્યક્તિ દુર્લભબોધિ ન બને તે માટે પારિષ્ઠાપનિકા સમિતીના પાલન માટે યોગ્ય વ્યવસ્થા સંઘમાં ઓછા ખર્ચ અને મેઇન્ટેનન્સ ફ્રી થઇ શકે તે માટેના ઉપાયો, ડ્રોઇંગ તેમજ ફોટા સાથે અમોએ તૈયાર કરેલ છે તો જે પણ સંઘને માહિતીની જરૂર હોય તેઓએ વોટ્સએપ મેસેજ કે ઇમેઇલ કરવાથી મળી શકશે. કૃપયા ફોનનો ઉપયોગ ફક્ત વોટ્સએપ કે ઇમેઇલ માટે જ કરશો.**

**(૨) દરેક જ્ઞાનભંડારે વસાવવા યોગ્ય લગભગ ૪૦૦૦ પુસ્તકો-પ્રતોનું મોડલ લિસ્ટ પૂ.હૃદયવલ્લભસૂરિજી મ.સા. તથા પૂ.શ્રી ભવ્યસુંદરવિજયજી મ.સા.ની પ્રેરણા તથા માર્ગદર્શનથી શ્રમણોપાસક પરિવાર દ્વારા તૈયાર કરવામાં આવેલ છે. આ યાદી ઇમેઇલ gyanbhandar.app@gmail.com થી અથવા અમોને ઇમેઇલ કરવાથી મલી શકશે.**

**અનુસંધાન પાન નં...૧ ઉપર થી**

**આપણા સંઘોમાં બાળકો માટે પાઠશાળા ચાલતી હોય છે તેની હૃદયપૂર્વક અનુમોદના કરૂ છું પરંતુ શ્રાવકો માટે પણ તેઓના જૈનીઝમના અભ્યાસ માટે વાંચવાના ભણવાના પુસ્તકો ઉપલબ્ધ કરાવીને તેના વાંચન માટે પ્રોત્સાહન આપવાથી શ્રી સંઘમાં વિધીપૂર્વકની ધર્મ આરાધનાની વૃદ્ધિ થશે. જે માટે ગુરુભગવંતોને વિનંતી કરીને રાત્રે પણ છ પ્રકરણ, ત્રણ ભાષ્ય વગેરેના પ્રવચન વાચના ફક્ત પુરુષો માટે રાખીને જૈનીઝમનું શિક્ષણ આપવું જરૂરી છે. જિનાજ્ઞા વિરુદ્ધ કંઇ લખાયું હોય તો મિચ્છામી દુક્કડમ્....**

## જ્ઞાનભંડાર સંકલન સેતુ

શ્રી તપાગચ્છીય પ્રવર સમિતી દ્વારા પૂ.આ.શ્રી મુનિચંદ્રસૂરિજી મ.સા.ના નેજા હેઠળ જ્ઞાનભંડાર માટેની કમીટી બનાવવામાં આવી હતી, તેમાં અગ્યાર શ્રાવકોનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. પ્રવર સમિતી દ્વારા નિયુક્ત જ્ઞાનભંડાર સમિતીના ગુરુભગવંતોની નિશ્રા-માર્ગદર્શનમાં શ્રાવકોની કમીટીની ત્રણ મીટીંગ અમદાવાદ મુકામે થઇ અને તેમાં બધાજ જ્ઞાનભંડારો તેમજ પ્રકાશકોનો સંપૂર્ણ માહિતી સાથેનો ડેટાબેઝ બનાવવાનું નક્કી કરવામાં આવેલ અને તેને અનુલક્ષીને ભારતભરના બધા જ જ્ઞાનભંડારોને તેમજ પબ્લીશરને ઉપલબ્ધ સરનામા પ્રમાણે ફોર્મ મોકલવામાં આવેલ છે. જો કોઇપણ જ્ઞાનભંડાર કે પ્રકાશકને વિગત ભરવા માટેનું ફોર્મ ન મળ્યુ હોય તો નીચેના નંબર ઉપર વોટ્સઅપ કે મેસેજ કરીને તાત્કાલિક મંગાવીને તુરત જ ભરીને મોકલવા વિનંતી છે. વિગત સાથે આવેલ ફોર્મ ઉપરથી જ્ઞાનભંડાર તેમજ પ્રકાશકોની યાદી બનાવીને બધાને મોકલવામાં આવશે. જેથી ભવિષ્યમાં પ્રકાશિત થનાર બધા જ પુસ્તકો તેઓને ભેટ તરીકે મળી શકશે અને માહિતીના આદાન-પ્રદાન માટે પણ ખૂબ જ ઉપયોગી બની રહેશે. જૈનમભાઇ દોશી મો.નં.: ૯૮૭૯૩૨૦૭૭૧

Email: jainamdoshi771@gmail.com

**રાગોપનિષદ્** પૂ.આ.શ્રી તીર્થભદ્રસૂરીશ્વરજી મ.સા. દ્વારા અદ્યાવધિ અપ્રકાશિત ૨૪ રાગમાળાઓનું પ્રાચીન હસ્તપ્રતો ઉપરથી સંપાદન કરીને સંગીતકળા, ચિત્રકળા, સંપાદનકળા અને સાહિત્યકળાનો સુભગ સમન્વય કરીને સુંદર મુદ્રણ દ્વારા ગ્રંથને વિશિષ્ટ કક્ષાનો બનાવેલ છે. આણંદ મુકામે પદ્મભૂષણ સરસ્વતી લબ્ધપ્રસાદ પૂ.આ.શ્રી રત્નસુંદરસૂરીશ્વરજી મ.સા. તથા પૂ.આ.શ્રી તીર્થભદ્રસૂરીશ્વરજી મ.સા. ની નિશ્રામાં આલાપ દેસાઇના શાસ્ત્રીય સંગીતમય વાતાવરણમાં આલોક શાહના કુશળ સંચાલન દ્વારા ભવ્ય વિમોચન સમારોહ, પ્રવજ્યા ગ્રહણના પ્રસંગે થયેલ. જેમાં ભારતભરમાંથી અગ્રણી સંગીતકારો, ગાયક કલાકારો વગેરે હાજર રહ્યા હતા. ચેન્નાઇના સંઘોના અગ્રણીઓ તેમજ પંડિતવર્ય ડૉ.શ્રી જીતેન્દ્રભાઇ શાહ અને શ્રુતોપાસક શ્રાવક શ્રી બાબુલાલ સરેમલ તેમજ અગ્રણીઓ દ્વારા ગ્રંથનું લોકાર્પણ કરવામાં આવેલ.

Printed Matter BookPosted 114(7)
U/C, 5A P & T Guide hence not be taxed

Rs. 1
Ticket

પ્રકાશક :
શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાન ભંડાર
શા.વિમળાબેન સરેમલ જવેરચંદજી બેડાવાળા ભવન
હિરાજૈન સોસાયટી, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫.
મો : ૯૪૨૬૫૮૫૯૦૪ (ઓ) ૨૨૧૩૨૫૪૩
E-mail : ahoshrut.bs@gmail.com
Website : www.ahoshrut.org